Contents

**અગ્રતા ક્રમ : ૨૮** .......... 2

**પેટા પ્રશ્નો** .......... 8

પેટા પ્રશ્ન ૧ (શ્રી સંદીપભાઇ દેસાઇ, ચોર્યાસી) .......... 9

પેટા પ્રશ્ન ૨ (શ્રી મોહનભાઇ કોંકણી, વ્યારા) .......... 12

પેટા પ્રશ્ન ૩ (શ્રી મનુભાઇ પટેલ, ઉધના) .......... 13

અગ્રતા ક્રમ : ૨૯ .......... 14

**પેટા પ્રશ્નો** .......... 20

પેટા પ્રશ્ન ૧ (શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા, વાગરા) .......... 22

પેટા પ્રશ્ન ૨ (શ્રી ડી.કે. સ્વામિ, જંબુસર) .......... 24

પેટા પ્રશ્ન ૩ (શ્રી રીતેશભાઇ વસાવા, ઝઘડીયા) .......... 25

# અગ્રતા ક્રમ : ૨૮

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૮૪

## તા.૧૪/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી સંદિપ દેસાઇ, ચોર્યાસી**

**પ્રશ્ન : સુરત જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**સુરત જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

***15/4/984 શ્રી સંદીપ દેસાઇ (ચોર્યાસી): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:**

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.<br><br>(રૂ. લાખમાં)
<table>
<tr><th>નગરપાલિકા</th><th>વર્ષ ૨૦૨૨-૨૩</th><th>વર્ષ ૨૦૨૩-૨૪</th></tr>
<tr><td>તરસાડી</td><td>૨૮૪.૫૯</td><td>૪૫૯.૫૯</td></tr>
<tr><td>માંડવી</td><td>૧૨૯.૫૧</td><td>૩૧૨.૫૦</td></tr>
<tr><td>કડોદરા</td><td>૨૭૯૦.૩૬</td><td>૪૫૯.૮૩</td></tr>
<tr><td>બારડોલી</td><td>૪૫૧.૧૯</td><td>૯૬૯.૩૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને</td><td>તે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં નીચે મુજબના કામો મંજૂર થયેલ છે.
<table>
<tr><th>નગરપાલિકા</th><th>વર્ષ ૨૦૨૨-૨૩</th><th>વર્ષ ૨૦૨૩-૨૪</th></tr>
<tr><td>તરસાડી</td><td>૨૧</td><td>૫</td></tr>
</table></td></tr>
</table>

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| | | માંડવી \| ૩ \| ૨<br>કડોદરા \| ૩ \| ૩<br>બારડોલી \| ૧૨ \| ૧૦ |
| | | |
| **(૩)** | તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | તે પૈકી વર્ષ ૨૦૨૨–૨૩ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે. |

| નગરપાલિકા | વર્ષ ૨૦૨૨–૨૩ | વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| તરસાડી | ૧૭ | ૪ |
| માંડવી | ૧ | ૧ |
| કડોદરા | ૨ | ૦ |
| બારડોલી | ૧૧ | ૨ |

મુખ્ય પેજ

# <u>પુરક નોંધ</u>

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૯૮૪ સુરત જિલ્લાની નગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

## <u>સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની માહિતી</u>

રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯ થી અમલમાં મુકવામાં આવેલ છે.

## <u>આ યોજના અંતર્ગત મુખ્યત્વે,</u>

- પાણી પુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા આંતરીક રસ્તા, વોટર સપ્લાય પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ વગેરે જેવાં કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

મુખ્ય પેજ

• મહાનગરપાલિકાઓમાં સીવેર કલેકટીંગ સીસ્ટમ તથા આનુષાંગિક કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે S T P ના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે શુદ્ધ ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ હેઠળ પણ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

• જનભાગીદારી ઘટક આ યોજના હેઠળ ખુબ જ લોકપ્રિય બનેલ છે. આ યોજના હેઠળ આંતરીક રસ્તા, પાણીની પાઇપ લાઇન, સ્ટ્રીટ લાઇટ અને ગટરના કામો લઈ શકાય છે. કુલ અંદાજીત ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. ૨૦ ટકા સોસાયટી ફાળો તથા ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો છે.

• આગવી ઓળખ ઘટક હેઠળ શહેરમાં આગવી ઓળખ ઉભી કરી શકે તેવા, મહત્વના લોકોપયોગી, તેમજ તાકીદે હાથ ધરવાપાત્ર હોય તેવા કામોની દરખાસ્ત કરી શકાય છે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (P P P )ના ધોરણે થતા કામોનો પણ સમાવેશ થઇ શકશે. જેમાં નીચે મુજબના કામો હાથ ધરી શકાશેઃ–

- હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ,
- પંચશક્તિ થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઇલેન્ડઝ

મુખ્ય પેજ

- વોટર બૉડી લૅન્ડ સ્ટેપીંગ, રીવરફ્રન્ટ
- પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ટી સ્વીમીંગ પૂલ, યોગ કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ.
- સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર,
- પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ,
- પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલવાટિકા.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૨૮

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૮૪

## તા.૧૪/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી સંદીપભાઇ દેસાઇ, ચોર્યાસી**

**પ્રશ્ન : સુરત જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઇ શકે છે? | શ્રી સંદીપભાઇ દેસાઇ, ચોર્યાસી |
| ૨ | શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઇ કરેલ છે? | શ્રી મોહનભાઇ કોંકણી, વ્યારા |
| ૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની કડોદરા પાણી પુરવઠા યોજનાની હાલની સ્થિતિ શું છે? | શ્રી મનુભાઇ પટેલ, ઉધના |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :- ૨૮**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૯૮૪**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૧૪/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી સંદીપભાઇ દેસાઇ, ચોર્યાસી)

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઈ શકે છે?

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની સ્થાનિક સંસ્થાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮/૭/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ હેઠળ નીચે જણાવેલ ચાર ઘટક હેઠળ કામો લઈ શકે છે.
  - ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - અર્બન મોબિલીટી શહેરી પરિવહનના કામો.
  - શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો.

મુખ્ય પેજ

- ➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નિયત થયેલ ચાર ઘટકો હેઠળ...

## ❖ **ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ:–**

- ➢ રસ્તા અને ટ્રાફીક સર્કલના, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો, જળસંચયના કામો તથા તળાવ બ્યુટીફીકેશનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો, ઈ – ગવર્નન્સ, શોપીંગ કોમ્પલેક્ષ, જાહેર ઉધાનોનું નિર્માણ અને જાળવણી, સામાજીક વનીકરણ વિગેરે, સ્મશાન ગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશન સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ શાળાઓના મકાન (પ્રાથમિક શિક્ષણ), અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ અને આંગણવાડી (નંદઘર), લાયબ્રેરી, સ્પોર્ટ કોમ્પલેક્ષ (સુવિધાઓ સહિત), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ / લીકવીડવેસ્ટ મેનેમેન્ટ, વેન્ડર માર્કેટ / હોર્કસ ઝોન પાર્કીંગ સુવિધા સહિત, અધતન પ્રકારના આધુનિક સુવિધા ધરાવતાં જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો

## ❖ **અર્બન મોબીલીટી – શહેરી પરિવહન:–**

- ➢ શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલ્વે ઓવરબ્રીજ અને રેલ્વે અન્ડરબ્રીજ, રીંગ રોડ / રેડિયલ રોડ / ફલાય ઓવર બ્રીજ, અન્ડરપાસ વિગેરે.

મુખ્ય પેજ

## ❖ **શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોઃ**

➢ હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશકિત થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ, વોટર બોડી લેન્ડ સ્કેપીંગ રીવરફ્રન્ટ, પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમીંગ પુલ, યોગા કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ, સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર, પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલાવાટિકા.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી મોહનભાઇ કોંકણી, વ્યારા)

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઈ કરેલ છે?

**જવાબ:**

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે રૂ.૫૮૧૭.૮૨ કરોડની જોગવાઇ કરવામા આવેલ છે.

મુખ્ય પેજ

**પેટા પ્રશ્ન ૩ (શ્રી મનુભાઇ પટેલ, ઉધના)**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની કડોદરા પાણી પુરવઠા યોજનાની હાલની સ્થિતિ શું છે?

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કડોદરા પાણી પુરવઠા યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે તથા ૬૮ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૨૯

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૫૩

# તા.૧૪/૦૨/૨૦૨૪

# નર્મદા વિભાગ

## માન.ધારાસભ્યશ્રી :

## શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા, વાગરા

**પ્રશ્ન : ભાડભુત બૅરેજ યોજના.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**તારાંકિત વિધાનસભા પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૭૯**

**પ્રશ્નનું સંક્ષિપ્ત શિર્ષક : સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ**

**પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર)**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાડભૂત બેરેજ યોજનાની કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાડભૂત બેરેજ યોજનાની ૩૫.૮૦% કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) ઉક્ત યોજના ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત યોજનામાં કુલ કેટલો ખર્ચ થનાર છે? | (૩) ઉક્ત યોજનામાં અંદાજિત કુલ રૂ.૫૩૨૨ કરોડનો ખર્ચ થનાર છે. |

# પુરક નોંધ

## ભાડભૂત બૅરેજ યોજના

- ગુજરાત સરકારશ્રી દ્ધારા નર્મદા નદીમાં પ્રવેશતા દરીયાઈ ભરતીનાં ખારા પાણીને કારણે ઊભી થતી સમસ્યાઓનાં નિરાકરણ માટે અને મીઠાં પાણીનાં જળાશય નિર્માણ અર્થે ભરૂચ જીલ્લાના પૌરાણિક ભાડભૂત ગામથી ૫(પાંચ) કિલોમીટર  દરીયા તરફ રૂ.૫૩૨૨ કરોડનાં ખર્ચે ભાડભૂત બેરેજ યોજનાનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. યોજનાનાં મુખ્ય ઘટકો, ફાયદા અને અન્ય સંલગ્ન વિગતો નીચે મુજબ છે.

- **યોજનાના મુખ્ય ઘટકો નીચે મુજબ છે:**

૧. ૧૬૪૮ મીટર લંબાઈ, કુલ ૯૦ દરવાજા અને તેની ઉપર ૬(છ) માર્ગીય પૂલ ધરાવતો બેરેજ

૨. બંન્ને તરફ મળી મુખ્ય માર્ગોને જોડતા કુલ ૧૩.૭૭ કિલોમીટર લંબાઈના એપ્રોચ રોડ

૩. નદીનાં બંન્ને કાંઠે મળી કુલ ૪૧.૭૦ કિલોમીટર લંબાઈના પૂરસંરક્ષણ પાળા

૪. ફીશરમેન નેવિગેશન ચેનલ અને ફીશપાસ

મુખ્ય પેજ

## ❖ **યોજનાના બાંધકામથી થનાર લાભો:**

૧. ૫૯૯ મિલિયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ કરતા જળાશયનું નિર્માણ થશે.

૨. ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં પીવાના, સિંચાઈ તથા ઔદ્યોગિક હેતુ માટે જરૂરિયાત મુજબ પાણી ઉપલબ્ધ થશે.

૩. સમુદ્રની ભરતીના પાણી શુકલતીર્થ સુધી પ્રવેશતાં અટકશે જેથી ખારાશની સમસ્યા હલ થશે તેમજ ભૂગર્ભજળની ગુણવત્તા પણ સુધરશે.

૪. નર્મદા નદીના બંન્ને કાંઠે મળી કુલ ૪૧.૭૦ કિલોમીટર લંબાઈના પૂરસંરક્ષણ પાળા થવાથી પૂરથી થતા નુકસાનને નિયંત્રિત કરી શકાશે અને ડાબા કાંઠે ધોવાણ અટકશે.

૫. નર્મદા નદી ઉપર બેરેજ અને ૬(છ) માર્ગીય બ્રિજ થવાથી સુરત(હજીરા)–ઓલપાડ–હાંસોટ–દહેજના માર્ગ અંતરમાં અંદાજિત ૩૭ કિલોમીટરનો ઘટાડો થશે, જેનાથી સમય અને ઈંધણની બચત થશે.

➢ આ યોજના માટે **૩.૫૩૨૨.૧૯ કરોડની વહિવટી મંજૂરી** તા.૨૩/૦૭/૨૦૨૦નાં રોજ મળેલ.

મુખ્ય પેજ

## ❖ **ઈ.પી.સી. કરારની વિગતો જોઈએ તો...**

| | |
|---|---|
| ઈજારદારનું નામ | દિલિપ બિલ્ડકોન લિમિટેડ-હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (જે.વી.) |
| કરારની રકમ | રૂ. ૪૧૬૭.૭૦ કરોડ (અંદાજીત કિંમત રૂ. ૪૨૪૫.૧૯ કરોડથી ૧.૮૩% ઓછા ભાવે) |
| વર્કઓર્ડર આપ્યાની તારીખ | તા.૦૫/૦૮/૨૦૨૦ |
| બાંધકામની કામગીરી શરૂ થયા તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૦ |
| નિયત સમય-મર્યાદા | ૪ વર્ષ(ઓક્ટો-૨૦ થી ઓક્ટો-૨૪) + ૧૦ વર્ષ મરામત અને નિભાવણી |

## ❖ **યોજનાની ભૌતિક પ્રગતિ નીચે મુજબ છે:**

➢ હાલની સ્થિતિએ ઇ.પી.સી. એજન્સી દ્વારા બંન્ને કાંઠે કોફરડેમના બાંધકામની કામગીરી પૂર્ણ કરી નદીની અંદર ૮૦૦ મીટર લંબાઈમાં મુખ્ય બેરેજ ફેઝ-૧ની કામગીરી પ્રગતિમાં છે. જેમાં રાફ્ટ પૂર્ણતાના આરે અને પીયરનું બાંધકામ, ગર્ડર લૉન્ચિંગ તેમજ સ્લેબ કાસ્ટિંગનું કામ પ્રગતિ હેઠળ છે. સાથે સાથે જમણાં કાંઠે ફિશરમેન નેવિગેશન ચેનલ, ડાબા કાંઠે ફિશપાસ, હાઈડ્રો-મિકેનિકલ વર્ક, ગાઇડવૉલ, ફ્લેન્ક વૉલ, બ્રિજ ગર્ડર કાસ્ટિંગ, પૂરસંરક્ષણ પાળા અને એપ્રોચ રોડના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

મુખ્ય પેજ

➢ યોજનાની શરૂઆતનાં તબક્કામાં કોરોના કાળ, વન-વિભાગની જમીન મળવામાં વિલંબ, સ્થાનિક માછીમારોનો વિરોધ તેમજ સ્થળ-સ્થિતિની જટિલતા અને માટીના પ્રકારને કારણે ડિઝાઇન આખરીકરણમાં વિલંબ, ખાનગી જમીન સંપાદન માટે જંત્રીના ભાવોની વિસંગતતા અને ધોવાણ થઈ ગયેલ જમીનનાં વળતરની બાબતને કારણે તેમજ વધુ વળતર/જંત્રી ભાવ આપવા સંદર્ભે ખેડૂત ખાતેદારોની માંગણી/વિરોધને કારણે ખાનગી જમીન સંપાદન વિલંબિત થઈ રહેલ છે. ઉક્ત તમામ પડકારોને લીધે શરૂઆતી વિલંબને ધ્યાને લેતાં અને આગામી સમયમાં પૂરસંરક્ષણ પાળાની જમીન ઉપલબ્ધ થવાની બાબતો ધ્યાને લેતાં યોજનાનું બાંધકામ ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

❖ **યોજનામાં થયેલ નાણાંકીય પ્રગતિ નીચે મુજબ છે:**

| | | |
|---|---|---|
| • તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામમાં થયેલ ખર્ચ | : | રૂ.૧૫૦૬.૫૪ કરોડ |
| • તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં ભાડભૂત બેરેજ યોજના પાછળ થયેલ કુલ ખર્ચ (બાંધકામ, જમીન સંપાદન, પી.એમ.સી. અને અન્ય ખર્ચ સહિત) | : | રૂ.૧૯૦૫.૫૬ કરોડ |

➢ ભાડભૂત બેરેજ યોજના માટે **વર્ષ ૨૦૨૪-૨૫ના** બજેટમાં સદર ૪૭૦૨-૦૦-૧૦૧-૦૩ હેઠળ કુલ **રૂ.૧૧૬૬.૮૧ કરોડ**નું આયોજન છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૨૯

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૫૩

## તા.૧૪/૦૨/૨૦૨૪

## નર્મદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા, વાગરા**

**પ્રશ્ન : ભાડભુત બૅરેજ યોજના.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ભાડભૂત બૅરેજ યોજનાનાં બાંધકામનાં મુખ્ય ઘટકો કયાં કયાં છે અને ભાડભૂત બૅરેજ યોજના બનવાથી શું લાભો થશે? | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા, વાગરા |
| ૨ | ભાડભૂત બૅરેજ યોજનાની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવેલ છે તથા યોજનાની વહીવટી મંજુરીમાં કયાં કયાં ખર્ચનો સમાવેષ થાય છે, યોજનાનું બાંધકામ ક્યારથી શરૂ થયેલ છે તથા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ યોજનાનાં બાંધકામ સ્થળે શું કામગીરી ચાલી રહેલ છે? | શ્રી ડી.કે. સ્વામિ, જંબુસર |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | **ભાડભૂત બૅરેજ યોજનાથી પાણીના કેટલા જથ્થાનો સંગ્રહ થશે?**<br>**ભરૂચ અને અંકલેશ્વરના નર્મદા નદીનાં કાંઠા વિસ્તારમાં પૂરથી થતા નુકસાનના નિવારણ અર્થે ભાડભૂત બૅરેજ યોજના અંતર્ગત શું આયોજન કરવામાં આવેલ છે?** | **શ્રી રીતેશભાઇ વસાવા, ઝઘડીયા** |

**અગ્રતાક્રમ :- ૨૯**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૫૩**

**નર્મદા વિભાગ**

**તા.૧૪/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા, વાગરા)

- ભાડભૂત બેરેજ યોજનાનાં બાંધકામનાં મુખ્ય ઘટકો કયાં કયાં છે અને ભાડભૂત બેરેજ યોજના બનવાથી શું લાભો થશે?

**જવાબ:**

**ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામનાં મુખ્ય ઘટકો જોઇએ તો...**

- ૧૬૪૮ મીટર લંબાઈ, કુલ ૯૦ દરવાજા અને તેની ઉપર ૬(છ) માર્ગીય પૂલ ધરાવતો બેરેજ
- બંન્ને તરફ મળી મુખ્ય માર્ગોને જોડતા કુલ ૧૩.૭૭ કિલોમીટર લંબાઈના એપ્રોચ રોડ
- નદીનાં બંન્ને કાંઠે મળી કુલ ૪૧.૭૦ કિલોમીટર લંબાઈના પૂરસંરક્ષણ પાળા
- ફીશરમેન નેવિગેશન ચેનલ અને ફીશપાસ

મુખ્ય પેજ

❖ **ભાડભૂત બૅરેજ યોજના બનવાથી થનાર લાભો જોઈએ તો...**

- પ૯૯ મિલિયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ કરતા જળાશયનું નિર્માણ થશે.
- ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં પીવાના તથા ઔદ્યોગિક હેતુ માટે જરૂરિયાત મુજબ પાણી ઉપલબ્ધ  થશે.
- સમુદ્રની ભરતીના પાણી શુકલતીર્થ સુધી પ્રવેશતાં અટકશે જેથી ખારાશની સમસ્યા હલ થશે તેમજ ભૂગર્ભજળની ગુણવત્તા પણ સુધરશે.
- નર્મદા નદીના બંન્ને કાંઠે મળી કુલ ૪૧.૭૦ કિલોમીટર લંબાઈના પૂરસંરક્ષણ પાળા થવાથી પૂરથી થતા નુકસાનને નિયંત્રિત કરી શકાશે અને ડાબા કાંઠે ધોવાણ અટકશે.
- નર્મદા નદી ઉપર બેરેજ અને ૬(છ) માર્ગીય બ્રિજ થવાથી સુરત(હજીરા)–ઓલપાડ–હાંસોટ–દહેજના માર્ગ અંતરમાં અંદાજિત ૩૭ કિલોમીટરનો ઘટાડો થશે, જેનાથી સમય અને ઇંધણની બચત થશે.

[મુખ્ય પેજ](#)

પેટા પ્રશ્ન ૨ (શ્રી ડી.કે. સ્વામિ, જંબુસર)

- ભાડભૂત બેરેજ યોજનાની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવેલ છે તથા યોજનાની વહીવટી મંજુરીમાં કયાં કયાં ખર્ચનો સમાવેષ થાય છે, યોજનાનું બાંધકામ ક્યારથી શરૂ થયેલ છે તથા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ યોજનાનાં બાંધકામ સ્થળે શું કામગીરી ચાલી રહેલ છે?

**જવાબ:**

- ભાડભૂત બેરેજ યોજના માટે તા.૧૯/૦૫/૨૦૧૮નાં રોજ રૂ.૪૩૩૭ કરોડની **વહિવટી મંજૂરી** મળેલ અને ત્યારબાદ તા.૨૩/૦૭/૨૦૨૦નાં રોજ રૂ.૫૩૨૨.૧૯ કરોડની સુધારેલ વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે.
- ભાડભૂત બેરેજ યોજનાની વહિવટી મંજૂરીમાં ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામ તથા તેની મરામત અને જાળવણી માટે કુલ રૂ.૪૧૬૭.૭૦ કરોડ, જમીન સંપાદન માટે રૂ.૭૫૦ કરોડ અને પી.એમ.સી.,કચેરી બિલ્ડિંગ,પર્યાવરણીય અભ્યાસો, વર્ક ચાર્જ એસ્ટાબ્લિશમેન્ટ અને કન્ટીજન્સી ખર્ચ અને અન્ય ખર્ચ માટે રૂ.૪૦૪.૪૯ કરોડ મળી કુલ રૂ.૫૩૨૨.૧૯ કરોડના ખર્ચ અંદાજનો સમાવેષ થાય છે.
- ભાડભૂત બેરેજ યોજનાનું બાંધકામ તા.૧૫/૧૦/૨૦૨૦થી શરૂ થયેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રી રીતેશભાઇ વસાવા, ઝઘડીયા)

- ભાડભૂત બેરેજ યોજનાથી પાણીના કેટલા જથ્થાનો સંગ્રહ થશે?
- ભરૂચ અને અંકલેશ્વરના નર્મદા નદીનાં કાંઠા વિસ્તારમાં પૂરથી થતા નુકસાનના નિવારણ અર્થે ભાડભૂત બેરેજ યોજના અંતર્ગત શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ :**

- ભાડભૂત બેરેજ યોજનાથી ૫૯૯ મિલિયન ઘનમીટર એટલે કે ૨૧૦૦૦ મિલિયન ઘનફૂટ મીઠા પાણીના જથ્થાનો સંગ્રહ થશે.

- ભરૂચ અને અંકલેશ્વરના નર્મદા નદીનાં કાંઠા વિસ્તારમાં પૂરથી થતા નુકસાનના નિવારણ અર્થે ભાડભૂત બેરેજ યોજના અંતર્ગત નર્મદા નદીના બન્ને કાંઠા ઉપર મળીને કુલ અંદાજીત ૪૧.૭૦ કિલોમીટર લંબાઈમાં પૂરસંરક્ષણ પાળાનાં બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ